dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
May 2012 For private circulation only Vol. 04 - Issue 81

સંસ્થાનું ધ્યેય કોઈ પણ એક આદમીએ પોતાનું ધ્યેય કર્યું હોય તો જ ચાલે. જ્યાં કોઈ પણ એક માણસ આ ધ્યેયને માટે મારાપણું ઊભું ન કરે ત્યાં સુધી બધું વ્યર્થ છે.

-નાનાભાઈ ભટ્ટ

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

કોઈ પણ સંસ્થા એની સ્થાપનાના દસ-વીસ કે પચ્ચીસ-પચાસ વર્ષ ઉજવતી હોય છે ત્યાં જવાનું બને છે. સંસ્થા ઊભી કરવી એક વાત છે પણ એને ટકાવવી-ચલાવવી અને નીતિમત્તાથી, આદર્શો સાચવીને ચલાવવી જરા જુદી વાત છે. સંસ્થા ઊભી કરવા પાછળ સંચાલકોની કઈ ભાવના છે તે મહત્વનું છે. શૈક્ષણિક સંસ્થાનું કામ વિદ્યાર્થીને કેવળ પ્રમાણપત્ર આપવા પૂરતું નથી. પરીક્ષાઓ અનિવાર્ય છે પણ એ જ અંતિમ ધ્યેય નથી. શાળા કે કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીનું વ્યકિતત્ત્વ બાંધવુ અને અસ્તિત્ત્વ તરફ એને અભિમુખ કરવો એ ધ્યાનમાં લેવાનું છે. ભારતના ભવિષ્યનું ઘડતર તમારી સંસ્થામાં થઈ રહ્યું છે ને તમારે એ જવાબદારી અદા કરવાની છે તે ભૂલવા જેવું નથી. હેતુ સમજાઈ જાય અને દિશા દેખાઈ જાય તો પછી લક્ષ્ય સુધી પહોંચવાનું સરળ થઈ જાય છે. કોઈ પણ સંસ્થાનું નિર્માણ અને તેનો નિભાવ એ એક યજ્ઞ જ છે.યજ્ઞની પવિત્રતા સમજી લીધા પછી જ સંસ્થાનું નિર્માણ કરવું વધારે હીતાવહ છે. યજ્ઞમાં કોઈ ભૂલ થાય તો પાપમાં પડાય તેવું આપણાં શાસ્ત્રોમાં લખ્યું છે. શાળા કે કોલેજ મા સરસ્વતીનું મંદિર છે. એથી એની પવિત્રતા જળવાય તે સમાજના હીતમાં છે. સંચાલકોએ પૂજ્ય ભાવ કેળવવાની લ્હાયમાં પડયા વગર પૂજારી-ભાવ કેળવવાનો છે. શૈક્ષણિક સંસ્થામાં મંદિરની પવિત્ર ભાવના પ્રતિષ્ઠિત થાય તો એ સંસ્થા સાથે સંકળાયેલ નાની-મોટી તમામ વ્યકિતઓમાં એક નવો પ્રાણ ફૂંકાશે. કેમ્પસમાં એક જુદું જ ભાવાવરણનો અનુભવ થશે. સાંપ્રત સમયમાં સંસ્થાના સંચાલકોએ બહુ સાવધાની રાખવાની જરૂર છે. પ્રત્યેક સંસ્થા પાસે પોતાનો આગવો ધ્યેયમંત્ર હોવો જોઈએ અને સમયે સમયે એ ધ્યેયમંત્ર તરફ સંસ્થા કેટલી આગળ વધી છે તે ચકાસતા-તપાસતા રહેવું જોઈએ. ફાધર વાલેસના આ શબ્દો સતત સ્મરણમાં રાખવા જેવા છે. તેઓ લખે છે:

" સારો એવો રસ્તો કાપ્યા પછી ડાહયો મુસાફર શું કરે છે, ખબર છે? જરા ઊભો રહે છે. રસ્તાની બાજુમાં આવેલી કોઈ ટેકરી ઉપર ચડી જાય છે, અને આંખ ઝીણી કરીને નજર પહોંચે ત્યાં સુધી ચારે દિશાઓ તપાસી લે છે. રખેને રસ્તો ભૂલીને લક્ષ્ય ચૂકી જવાય ને ચાલવાનો શ્રમ વ્યર્થ જાય... મુસાફર દિશાઓ તપાસે છે. રણનો વણજારો સૂર્યની ગતિ પારખે છે. મહાસાગરનો ખલાસી ધ્રુવતારક સામે જોયા કરે છે."

શૈક્ષણિક સંસ્થાએ અને સંસ્થા એટલે મકાન નહીં પણ એની સાથે સંકળાયેલા માણસોએ જાતતપાસ કરતા રહેવું જોઈએ. વર્ષોના સરવાળા એ સંસ્થાની ઓળખ નથી. કામની ગુણવત્તા જ સંસ્થાની સાચી ઓળખ હોઈ શકે. સંસ્થા કેટલાં વર્ષ ચાલી તે મહત્ત્વનું નથી પણ કેવી રીતે ચાલી તે વધારે મહત્વનું છે. સમર્પિત વ્યકિતઓ સંસ્થાને મળે તે સંસ્થાનું સદ્ભાગ્ય ગણાય. સમર્પિત એટલે માત્ર સમય આપે એવી વ્યકિત નહીં પણ સમજણ આપે અને જેના અંતઃકરણમાં ઈંટ-ચૂનાની ઈમારત પ્રત્યે પણ સદ્ભાવ હોય તેવી વ્યકિત. સામર્થ્ય વગરની સત્તા જ મોટે ભાગે પ્રશ્નો પેદા કરે છે. વહીવટ કર્તાઓએ વટ પાડવામાંથી બહાર નીકળી ફકત પોતાનું હિત જોઈ કારભાર ચલાવવાનો નથી. કેન્દ્રસ્થાને સંસ્થાનું હિત રહેવું જોઈએ. કેળવણી વિષે મૂળગામી ચિંતન કરનાર નાનાભાઈ ભટ્ટે ' આપણી શિક્ષણ-સંસ્થાઓ' નામનો એક લેખ લખ્યો છે તે સૌ સંચાલકોએ વાંચવો જ જોઈએ. તે લેખનો એક અંશ આપણાં સૌ માટે-

"કોઈ પણ સંસ્થા શરૂ થાય ત્યારે પહેલાં એ સંસ્થાનું ધ્યેય નક્કી થવું જોઈએ. સંસ્થા શા માટે શરૂ થાય છે, સંસ્થા શું કરવા માગે છે, સંસ્થાનું અસ્તિત્વ શા માટે છે, એ નક્કી થયા વિના માણસ ગમે તે વખતે મકાન ભાડે રાખીને સંસ્થા આદરી બેસે છે અને પછી સંસ્થા ચાલતી નથી ત્યારે પોતાના સિવાય બીજા સૌને ગાળો દે છે. વર્ષો થયા આપણે સમાજની જવાબદારી પર સંસ્થાઓ ચલાવવી ભૂલી ગયા છીએ અને જે ચલાવીએ છીએ તે ધ્યેયને સમજ્યા વિના માત્ર ખોખાને વળગીને ચલાવીએ છીએ એટલે આપણા મનમાં તો આવા ધ્યેયની કશી કિંમત જ નથી. આપણે ત્યાં તો આજે ગમે તેમ બાવો એક ઓટો ચણીને બેસે એટલે ગુરુ થઈ જાય છે તેમ ગમે તે માણસ સંસ્થાનું પાટિયું મારે અને વધારામાં ગરીબાઈનો દેખાવ કરે એટલે શિક્ષણ સંસ્થા થઈ જાય છે. આવી શિક્ષણ સંસ્થાઓ ઘણીવાર જન્મ્યા પહેલાં જ મરેલી હોય છે એમ કહેવાની જરૂર નથી."

કેટલીક સંસ્થાઓના મકાનો ભવ્ય હોય છે. મકાનો - ભૌતિક સુવિધા તો સોનાનું પિંજર છે. ખરી વાત તો એ સોનાના પિંજરમાં પંખી એટલે કે, ચેતનતત્વ છે કે નહિં તે છે. ભૌતિક સગવડ હોવી જ જોઈએ પણ એટલા માત્રથી સંતોષ ન લેવાય. ભવ્ય મકાનોમાં દિવ્યની આરાધના થવી જોઈએ. કેળવણી એટલે જ દિવ્યતત્વની ખેતી. સામાજિક જવાબદારીથી, નૈતિક મૂલ્યોનું જતન કરીને આ ખેતી કરવાની છે. માણસ નિર્માણ કરવાની આપણને પ્રાપ્ત થયેલી તક વેડફાઈ ન જાય તે જોવાનું આપણાં સૌનું પરમ કર્તવ્ય છે.

૧૫ મે, ૨૦૧૨

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## Ph.D.

A list of Theses accepted by Veer Narmad South Gujarat University, Surat during November 2011 to December 2011. to May 2012.

**BIOSCIENCE**

1 Patel, Kalpeshbhai M. **Effects of cadmium and zinx on seed germanization and growth of cajanus cajan (L.) millsp.and trigonella foenum-graecum L. and their removal by various methods.** (Dr.K.P.Patel), Department of Bioscience, VNSGU, Surat.

**CHEMISTRY**

1 Chavda Sureshkumar L. **Surfactant solutions:Their characterization by physiochemical and instrumental methods.** (Dr. P. Bahadur), Department of Chemistry, VNSGU, Surat.

2 Mali, Mimanshaben, D. **Synthetic and application aspects of some novel reactive, acid and medicinal dyes.** (Dr.(Mrs.) Saurabh K. Patel), Department of Chemistry, V.N.S.G.U., Surat.

3 Patel, Jigneshkumar N. **Synthesis and antimicrobial evaluation of N.S. and O atoms containing new heterocycles of quinozaline.** (Dr.N.B.Patel), Department of Chemistry, VNSGU, Surat.

**COMPARATIVE LITERATURE**

1 Khadiya, Rameshdan C. **Dalitchetna:Ek vishayvastulakshi tulanatmak abhyas: 'Malak', 'Juthan', 'Untouchable'', 'Balut', 'Madhhi Ka Diva', ane 'Kuruthi Punal' jevi vishishta krutiona sandarbhma.** (Dr.Damyantiben Parmar), Department of Comparative Literature, VNSGU, Surat.

**EDUCATION**

1 Desai, Niriksha J. **Navsari shaherna granthalayaono shaikshnik abhyas.** (Dr.R.B. Chaudhari), Department of Education, VNSGU, Surat.

2 Katba, Heenaben R. **Uchchatar prathmik kakshaye bhasha shikshanni pravartman prishtiti : Ek gaveshna.** (Dr.Vinodbhai G.Patel), V.T.Choksi Sarvajanik College of Education, Surat.

3 Mistry, Nileshkumar P. **Valsad Jillani ashramshalao, adarsh nivashi shalao tatha Eklavya Model Residential schoolona vidhyarthio/shikshakona manoshaikshnik rekhachitroni tulana.** (Dr.G.S. Parmar), Department of Education, VNSGU, Surat.

4 Parmar, Ganpatsinh D. **Sakshin Gujaratna Jilla Shikshan ane Talim Bhavnona sevakalin talimio karyakramo.** (Dr.G.S. Parmar), Department of Education, VNSGU, Surat.

5 Patel, Gayatri R. **An analytical study of Rajneesh and J.Krishnamurti's ideas on the role, responsibility and development of a teacher and on an educative process.** (Dr. Vinodbhai G. Patel), V.T.Choksi Sarvajanik College of Education, Surat.

6 Letwala Hemlata A. **Dakshin Gujaratni samanya pravahni ucchtar madhyamik shalaoma arthshastra vishya shikshanni pravratman parishthiti.** (Dr.R.B. Chaudhari), Department of Education, VNSGU, Surat.

**ENGLISH**

1 Shah, Kalika S. **Multicultural and the politics of identity: A study of the novels of Bapsi Sidhwa, Rohinton Mistry and Boman Desai.** (Dr. E.V. Ramakrishnan), Central University of Gujarat, Gandhinagar.

**GUJARATI**

1 Parmar, Rameshbhai B. **Gujarati ekankimathi upasati manavni chhabi.** (Dr. Jasubhai Patel), Arts-Commerce College, Olpad.

2 Vasavda, Chetna D. **Kavishri Sundaram, Rajendra Shah, Niranjan Bhagat, Anil Joshi, Ramesh Parekh, Vinod Joshi ni geetrachanaono samikshatmak abhyas.** (Dr.Jasubhai Patel), Arts-Commerce College, Olpad.

3 Vyas, Jigna T. **Bharatiya narini aatmakathama narini asmita ane naritvani shodh: Ek samikshatmak adhyayan.** (Dr.Sharifaben Vijliwala), M.T.B. Arts College, Surat.

**MANAGEMENT**

1 Mistry Janki D. **A study on post merger performance evaluation of selected Indian companies.** (Dr.Jaydip Chaudhari), D.B.I.M., VNSGU, Sirat.

2 Parmar, Hitesh A. **A study of supply chain management in textile industry of Surat District.** (Dr.Jaydip Chaudhari), D.B.I.M., V.N.S.G.U., Surat.

3 Saumen, Mapdar. **A study on the handloom textile clusters in India with special reference to select clusters in West Bengal.** (Dr.Renuka Garg), D.B.I.M., V.N.S.G.U., Surat.

4 Thekkanal, Daisy S. **A study on non performing assets-challenges to the Basel II accord in Indian banking industry.** (Dr.V.B. Patel), DBIM, VNSGU, Surat.

5 Upadhyay, Hetal K. **Non performing assets in banking industry-A study of banks in Saurashtra region.** (Dr.M.V. Sidhpuria), DBIM, VNSGU, Surat.

6 Vanpariya, Bhavesh O. **An analysis of service quality formulation and its measurement in banking and retail sector.** (Dr.V.B.Patel), DBIM, VNSGU, Surat.

**MATHEMATICS**

1 Salunkhe, Shantaram N. **A study of some nonlinear functional differential equations in banach algebras.** (Dr. M.G. Timol), Department of Mathematics, V.N.S.G.U., Surat.

**PHARNACOGNOSY**

1 Harde, Pinalben A. **Development of quality standards for certain traditional antibiatic herbs.** (Dr.M.B.Shah), L.M.C.of Pharmacy, Ahmedabad.

**SANSKRIT**

1 Chauhan, Chetnaben S. **Atharavved ane ketlik pasandgini Sanskurt sahityani krutioma 'Aushadhivigyan'.** (Dr. Ninaben Bhavnagari), M.T.B.Arts College, Surat.

**ZOOLOGY**

1 Barot, Jagruti, K. **Biotoxicity studies on the effect of some dyes on freshwawater fish labeo rohita in water and their removal using bioadsorbents.** (Dr.Anita Bahadur), Sir P.T.S.College of Science, Surat.

## M.Phil

A list of Dissertations accepted by Veer Narmad South Gujarat University, Surat during December 2011 to March 2012.

**BIOSCIENCE**

1 Desai, Megha S. **Studies on salmonella enterica servovar typhi, paratyphi A, paratyphi B and paratyphi C of human infection.** (Dr.Pratibha B.Desai), S.R.I.of C.E.and A.S.,Surat.

**CHEMISTRY**

1 Akbari, Vikunjnaben K. **Sysnthesis, characterization and biological evaluation of some novel thienopyrimidine derivatives.** (Dr.K.C.Patel), Department of Chemistry, VNSGU, Surat.

2 Chaudhari, Harshida G. **Study of corrosion behaviour of zinc in hydrochloric acid in presence of some organic compounds.** (Dr.M.B.Mahida), Sir P.T.S.College of Science, Surat.

3 Chothani, Navanitkumar J. **Synthesis, characterization and mesomorphic studies of some new liquid crystalline compounds involving 2,6 disubstituted naphthalene moiety.** (Dr.B.T.Thaker), Retd.Professor, Department of Chemistry, VNSGU, Surat.

4 Indorwala, Nimeshkumar S. **Studies on substituted pyrazolone azo dye as analytical reagent.** (Dr.K.C.Desai), Sir P.T.S.College of Science, Surat.

5 Navik, Alokkumar J. **Metal ions sequestration using microwave assisted synthesized O-Substitued benzoic acid chelating resin.** (Dr.B.A.Shah), Department of Chemistry, VNSGU, Surat.

**COMPUTER SCIENCE**

1 Chaudhari Shailesh A. **Separation and identification of English and Gujarati digits from bilinhual (English-Gujarati) printed documents.** (Dr.R.M.Gulati), Department of Computer Science, VNSGU, Surat

**COMMERCE**

1 Badami, Mitali A. **A comparative study of open ended equity diversified mutual funds with their benchmark index.** (Dr.U.T.Desai), Sir K.P.College of Commerce, Surat.

2 Motiwala, Parul S. **A study of impact of post merger performance with reference to Tata-Corus.** (Dr.R.A.Shah), Sheth C.D.Barfiwala College of Commerce, Surat.

3 Pathan, Sabirkhan S. **Synthesis and biological evaluation of newer phenothiasine containing triazoles.** (Dr.N.B.Patel), Department of Chemistry, VNSGU, Surat.

**ECONOMICS**

1 Chugh, Jayshree V. **Snatak evam snatakottar vidhyarthiyo ko rojgar muhaiya karvane me rojgar karyalayo ki bhukika :Veer Narmad Dakshin Gujarat Vishwavidhyalay, Surat ke sandarbh me.** (Dr.Kirtiben Zankharia), Department of Economics, VNSGU, Surat.

**EDUCATION**

1 Chauhan, Naynaben B. **Surat saherni B.Ed.na prashikshanrthina shikshak banva mateyna valanono abhyas.** (Dr.G.S.Parmar), Department of Education, VNSGU, Surat.

2 Mehta, Binny V. **Dhoran-aath na ganit vishay ma pasand karel ekamo par swa-adhyayan samagri ni rachna ane ajmayash.** (Dr.V.G.Patel), V.T.C.S.C.of Education, Surat.

3 Mistry Jignashaben J. **Dhoran-dash na vigyan ane technology vishay ma 'sajivo ma prajanan' ekam par computer karyakram ni rachna ane ajmayash.** (Dr.R.B.Patel), Department of Education, VNSGU, Surat.

4 Parmar, Neelaben H. **Kamrej talukani madhyamik shalaomaa abhyas karta vidhyarthio ane teona valiona tutionpratha angena mantabyono abhyas.** (Dr.G.S.Parmar), Department of Education, VNSGU, Surat.

5 Patel, Shirishkumar R. **Surat Jillana Prathmik adhyapan mandirona talimarthione ganit vishyama nadti samasyaono abhyash.** (Dr.J.P.Gohil), Smt.V.R.B.S.Mahavidhyalaya, Kholwad.

6 Upadhyay Pritihaben A. **Veer Narmad Dakshin Gujarat Universitini shikshan-prashikshan sansthaima shaikshnik sanshodhanma nadti samasyano abhyas.** (Dr.J.A. Naik), Department of Education, VNSGU, Surat

**GUJARATI**

1 Ahir, Bhartiben B. **Navalkathakar Josheph Mecwan ni be navalkathao 'Angaliyat' ane 'Mari Parnetar': Ek adhyayan.** (Dr.A.S.Gadhavi), Shri P.H.U.College of Arta-Commerce, Kim.

2 Damor, Nandabahen V. **Kavishri Ushnash krut 'Vyakul Vaishnav'ma bhaktinirupan.** (Dr.S.T.Chauhan), P.R.B.Arts and P.G.R. Commerce College, Bardoli.

3 Patel, Anitabahen B. **Kanaiyalal Munshini 'Patanni Prabhuta', 'Gujaratno Nath', ane 'Jai Somnath' navalkathama prakattu itihasdarshan:Ek abhyas.** (Dr.A.R.Patel), S.B.G.College Arts and P.K.Patel College of Commerce, Navsari.

4 Patel, Minaxiben D. **Nalin Ravalni kavita:Ek Abhyas. ('Udgar' ane 'Avkash' na sandarbhe.** (Dr.G.B.Patel), Shri M.R.D.Arts and E.E.L.K.Commerce College, Chikhli.

# કોલેજ ન્યૂઝ

## પરિચય

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ દ્વારા પ્રિ. ડૉ. જે.એમ. નાયકની પ્રેરણાથી લાયબ્રેરી સમિતિના ઉપક્રમે 'પુસ્તક પરિચય પ્રોજેક્ટ' અંતર્ગત લાયબ્રેરી સમિતિના અધ્યક્ષ પ્રા. એ.એન. ભટ્ટે ડૉ. રમેશ કાપડિયા કૃત 'આરોગ્ય નિર્માણ' પુસ્તકનો પરિચય કરાવ્યો હતો. જેમાં વિવિધ રોગોની ચર્ચા કરવામાં આવી હતી.


## પ્રકાશન



વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું વિહંગાવલોકન. (વર્ષ: ૨૦૧૧-૧૨) શાહ એન.એચ. કોમર્સ, કોલેજ, વલસાડ.




એન.એચ. ટાઈમ્સ ભીંત પત્ર. (હસ્તલિખિત અંક- ૨૦૧૨), શાહ એન.એચ. કોમર્સ, કોલેજ, વલસાડ. પ્રોજેકટ ઈન્ચાર્જ : પ્રા. ડૉ. મીનાબેન શાહ



પ્રાજ્ઞેય. (અંક -૩, ૨૦૧૧-૧૨)
શ્રીમતિ જી. એન. પંડયા બી. એડ. અને કોમર્સ કોલેજ, ભેસ્તાન, સુરત.
સંપાદક : પ્રા. જાગૃતિબેન પટેલ, પ્રા. વૃંદાબેન સુરતી અને પ્રા. મહેશભાઈ વસાવા.



પાથેય. (અંક -૧૦, ૨૦૧૧-૧૨)
બી. જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલી
સંપાદકઃ ડૉ. કિન્નરીબેન પટેલ, ડૉ. મીનાબેન પરમાર, પ્રા. મનાલીબેન દેસાઈ, શ્રી અશોકકુમાર રાઠોડ.



Pratibimb. (2011-12)
Director-Dr. Pratibha Desai
Shree Ramkrishna Institute of Computer Education and Applied Sciences, Surat.

## વાચન વિશેષ

### પુસ્તક પરિચય

**કાર્ય કી સમસ્યાએઁ : સાઈન્ટોલોજી કા વ્યવહારિક ઉપયોગ**
**લેખકઃ એલ. એન. હબર્ડ**
**પ્રકાશકઃ ન્યુ એરા પબ્લિકેશન્સ, ડેનમાર્ક, ૨૦૦૯. પૃ.૧૮૩**

સાઈન્ટોલોજી એ આત્મા, જીવન અને વિચારોની સમસ્યાઓના નિવારણ માટે નિર્ધારિત વૈજ્ઞાનિક પ્રયોગોના આધારે લેખક દ્વારા માનવતા માટે વિકસિત સંપૂર્ણ રીતે વ્યવસ્થિત વ્યાખ્યાઓની એક પ્રણાલી છે. સાઈન્ટોલોજી શબ્દ લેટિન ભાષાના સિઓ એટલે શબ્દના 'પૂર્ણ અર્થને જાણવો' (scio=knowing, in the fullest meaning of the word)અને ગ્રીક શબ્દ લોગોસ એટલે કે 'અધ્યયન'(logos=study of) થી મળીને બનાવવામાં આવેલ છે. વ્યાખ્યા અનુસાર સાઈન્ટોલોજીનો અર્થ છે આત્માનું સ્વયંની સાથે, ભૌતિક જગત અને જીવનની સાથે સંબંધો અને વ્યવહારનું અધ્યયન.

આ રીતે અહીં ફકત કાર્યસ્થળ પર સ્થાયિત્વ લાવવા માટે એક ટેકનિક પ્રદાન કરવામાં જ આવેલી નથી પરંતુ જિંદગીની ખુશીઓને પરત મેળવવા માટે ચમત્કારી પ્રક્રિયાઓનો પરિચય પણ કરાવવાનો છે. કારણ કે તે સાઈન્ટોલોજી છે. વિશ્વમાં અનેક મોટાં વ્યાપારિક સંગઠનો સાઈન્ટોલોજીનો ઉપયોગ કરી કહ્યા છે.

જિંદગીના દશ ભાગ કરવામાં આવે તો તેમાંથી સાત ભાગનો સંબંધ કામ-કાજથી છે, એક ભાગનો સંબંધ પરિવારથી, એક ભાગ રાજનીતિથી અને અંતિમ ભાગ આરામ સંબંધિત છે. અર્થાત સાઈન્ટોલોજીની અહીં અસ્તિત્વના સૌથી વધારે મહત્વપૂર્ણ સાતમા ભાગ પર અમલ કરી શકાય છે.

કાર્યની સમસ્યાઓ અને મુખ્ય સિધ્ધાંતો અને નિયમોને સમાવેશ કરે છે. જે કાર્યના કોઈ પણ પ્રયાસ અને કોઈ પણ સમસ્યા પર સંબંધ ધરાવે છે. તે એવી શોધ છે જે આ સમસ્યાઓનાં મૂળ કારણોને પ્રકાશિત કરે છે અને જીવનના તાણા-વાણાને સ્પષ્ટ કરે છે.

આ સર્વપ્રથમ શોધોમાં : મૂંઝવણની સંરચના અને તેનું સમાધાન, સ્ટેબલ ડેટમનો સિધ્ધાંત-કાર્ય અને જિંદગીનો મૂળભૂત નિયમ, નિયંત્રણની સંરચના-ખરાબ નિયંત્રણને ઉત્તમ કેવી રીતે બનાવવું, એક રમતના સ્વરૂપમાં જિંદગીની સંરચના-અને આ રમતને રમવાનો નિયમ, કાર્યકુશળતાનું રહસ્ય. જિંદગીનાં મૂળભૂત તત્વ- એફિનિટી, રિયાલિટી અને કમ્યૂનિકેશન અને છેલ્લે થાકવાની સચ્ચાઈ અને સાથે સાથે સાઈન્ટોલોજીની શકિતશાળી પ્રક્રિયાઓ જે યુવાવસ્થાની ઉર્જાને પુનઃ પ્રાપ્ત કરવા માટે સક્ષમ છે.

આ ગ્રંથમાં અધ્યાયઃ૧ નૌકરી પર બને રહના કિસ બાત પર નિર્ભર કરતા હૈ?, ૨: કામ-કાજી દુનિયા મેં ઉલજનોં સે નિપટના, ૩: કયા કામ અનિવાર્ય હૈ?, ૪: કાર્યકુશળતા કા રહસ્ય, ૫: જીવન એક ખેલ સમાન, ૬: એફિનિટી, રિએલિટી એવં કમ્યૂનિકેશન, ૭: થકાન, ૮: સફળ વ્યકિત જેવા પ્રકરણોનો સમાવેશ થાય છે. પુસ્તકના અંતિમ ભાગમાં વર્ણાનુક્રમ અનુસાર શબ્દો કયા પૃષ્ઠ પર છે સૂચવે છે.

ડૉ. બી.જે. અંકુયા, ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન


VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. B J Ankuya, Assistant Librarian**
**Published by : J R Mehta, Registrar**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com